ટેન્ડર પરત કરવાની છેલ્લી તારીખ :-   /    /૨૦૨૦          પેઇઝ નં ૧ થી

કોન્ટ્રાકટરનું નામ :- ......................................................................................................................

રૂપીયા:- ૧૧૨૫/-પહોંચ નં .................................................................... તા..............................

# રાજકોટ મહાનગરપાલિકા

## બગીચાશાખા

## છુટક કામ (સેકંડે ટકાવારી દર)

## <u>ટેન્ડર શરતો અને કામની સમજુતી</u>

હું/અમો લખેલું કામ આંકડામાં ................... ટકા શબ્દમાં ........................................

અંદાજ પત્રકમાં દાખલ કરેલ ભાવ કરતાં ઓછા/ વધુ ભાવે કરવા સંમત છું/ છીએ.

કામનું નામ : **શહેરના રોડ ટ્રાફિક જંકશન્સ, રોડ સેન્ટ્રલવર્જ વિગેરેમાં વાવેતર માટે થાઇ બોગનવેલિયા ખરિદ કરવાના કામે,**

મંજુર થયેલ અંદાજ : રૂ! ૪,00,000.00

અર્નેસ્ટ મની : રૂ! ૧૨,000.00,

ટેન્ડર ફી : રૂ! ૧૧૨૫/-

સમય મર્યાદા : 30 દિવસ્*

સીકીયોરીટી ડીપોઝીટ : ૨૫,000.00 /-એફ.ડી.આર./રોકડા(રાજકોટમહાનગરપાલિકાની તરફેણમાં) (નેશનલાઇઝ બેંક)

કોન્ટ્રાકટરનું નામ :

સરનામું :

તારીખ :

સાક્ષી :

સરનામું :

ધંધો :

ભાવ ભરનારની સહી

સદરહું ભાવપત્ર રાજકોટ મહાનગરપાલિકા વતી મંજુર;

તારીખ : મંજુર કરનાર અધિકારીની સહી

**-: શરતો:-**

(૧) ૧. ટકા તથા રકમ અક્ષર તેમજ આંકડામાં સ્પષ્ટ લખવી.
૨. પેઢી કે ભાગીદાર વતી સહી કરનારે તે જ પ્રમાણે સહી કરવી.
૩. નિયત થયેલ જગ્યાએ લખવું.
૪. છેકછાકવાળું ટેન્ડર રદ કરવામાં આવશે.
૫. શરતો, એબસ્ટ્રેક તથા સમજુતીમાં દરેક પાને સહી કરવી.
૬. અર્નેસ્ટ મની ભર્યાની પહોંચ/ડી.ડી. ની વિગત ટેન્ડરના કવર ઉપર પહોંચ નંબર સાથે લખાણથી રજુ કરવી.

(૨) કામ પુરા ખંતથી કરવું જોઇએ અને કરેલું સઘળું કામ કારીગરની રીતે કરેલું હોવું જોઇએ. ટેન્ડર રજુ કરનાર શખ્સ/શખ્સો કામમાં જે માલ-સામાન વાપરે તે ઉતમ પ્રકારનો હોવો જોઇએ અને ડાયરેકટરશ્રી (પી&જી) પસંદ કરેલો હોવો જોઇએ. કામ કેટલી ત્વરાથી ચલાવવું તે બાબત તથા કામ અથવા તેમાં વપરાતો માલ સમાન કેવા પ્રકારનો છે તે બાબત ડાયરેકટરશ્રી, પાર્કસ એન્ડ ગાર્ડન જે નિર્ણય કરે તે આખરનો સમજવો જોઇશે. કામની ઝડપ અને ગતિ વધાવવા ડાયરેકટરશ્રી, પાર્કસ એન્ડ ગાર્ડનના નિર્ણય આખરી સમજવાનો રહેશે તથા લેખીત તેમજ મૌખીક સુચના તેમજ નોટીસ આપવા છતાં પણ કામની ગતિ કે ઝડપ વધારવામાં નહીં આવે તો શ્રી કમિશ્નરને કોન્ટ્રાકટ રદ કરવાનો અધિકાર રહેશે.

(3) કોન્ટ્રાકટરે પોતાના કામદારોને થયેલ ઇજા માટે તથા તેને કંઇ બદલો આપવો પડે તો તે માટે તમામ રીતે જવાબદાર રહેશે. કામદારોને થયેલ ઇજા માટે બદલો આપવામાં જો કોન્ટ્રાકટર નિષ્ફળ નિવડે અને કામ કરતા કામદારોને તે બદલો રાજકોટ મહાનગરપાલિકા તરફથી આપવામાં આવે તો તેવી આપેલી રકમ ટેન્ડર ભરનારા/શખ્સોને આપવા જોગ થયેલ રકમમાંથી અથવા આપવાના થાય તે રકમામાંથી કાપી લેવા રાજકોટ મહાનગરપાલિકાને અખત્યાર છે.

(૪) ઉકત ભાવો તમામ ટેકસ, ડયુટી, રોયલ્ટી તેમજ સરકારશ્રીના વખતો વખતના તમામ કર વિગેરે સહિતના છે. તે તમામ કર ચુકવવાની જવાબદારી કામ રાખનારની રહેશે. કામ દરમિયાન કોઇપણ જાતનો ભાવ વધારો આપવામાં આવશે નહીં.

(૫) ૧. કોન્ટ્રાકટરે અઢાર વર્ષથી ઓછી ઉંમરના કોઇને કામે લગાડવા નહીં
૨. કામ ઉપર જે માણસને રાખવાની ડાયરેકટરશ્રી (પી&જી) મનાઇ કરે તે માણસને રાખવાના નથી.

(૬) ઉકત કામ એક કરતા વધારે એજન્સીઓ વચ્ચે વહેંચણી કરવાની સતા કોર્પોરેશનની રહેશે.

(૭) કામ ઉપર કોન્ટ્રાકટરે પોતે અથવા તેના વતી કોઇ જવાબદાર માણસને હાજર રાખવાના રહેશે.

(૮) કામ પુરૂ થઇ ગયા બાદ સાઇટ બરાબર સાફ કરી આપવાની રહેશે અને જો તેમ કરવામાં કોન્ટ્રાકટર ના-કામિયાબ નિવડશે તો તેને ખર્ચે અને જોખમે મહાનગરપાલિકા તરફથી સાઇટ સાફ કરાવી લેવામાં આવશે.

(૯) આ કામગીરીમાં આંતરીક સુધારા વધારા વખતે જેટલો ભાગ કામગીરીમાં લેવામાં આવે તે ભાગમાં રસ્તો બંધ કરવા માટે દિવસના સમયે સુચનાના બોર્ડ તથા રાત્રે બતી વ્યવસ્થા

કોન્ટ્રાકટરે કરવાની રહેશે. તેને અભાવે થતી નુકશાનીની તમામ જવાબદારી કોન્ટ્રાકટરને શીરે રહેશે.

(૧૦) કામ કરતા માલ સમાન નડતરરૂપ ન થાય તે રીતે કરવાનું છે.

(૧૧) ટેન્ડર સ્વીકારવામાં આવે ત્યાર બાદ અઠવાડીયાની અંદર સિકીયોરીટી ડીપોઝીટ માટે રકમ ભરી આપવાની રહેશે. જો આમ કરવામાં ટેન્ડર રાખનાર શખ્સ નાકામયાબ નિવડશે તો તેણે ભરેલ અર્નેસ્ટમનીની રકમ જપ્ત કરવામાં આવશે અને તે શખ્સને ખર્ચે અને જોખમે ફરીથી ટેન્ડરની માંગણી કરવામાં આવશે અથવા ઝોનલ કોન્ટ્રાકટર મારફત કામગીરી કરાવવામાં આવશે.

(૧૨) વર્ક ઓર્ડર આપી કામમાં ચાલુ કામે અન્ય આસામીઓની મિલકતને અગર જાનમાલને કોઇપણ નુકશાન થશે તો તેની તમામ જવાબદારી કોન્ટ્રાકટ રાખવાની રહેશે. અને તે માટે કોઇપણ વળતરની રકમ ચુકવવાની થાય તો તે કોન્ટ્રાકટરે ભરી આપવાની રહેશે. જો કોન્ટ્રાકટર અમલ ન કરે તો તેવા વળતર વિગેરેની રકમ તેનાં બીલોમાંથી કાપી લેવામાં આવશે.

(૧૩) આ કામ ચાલુ થયે વચ્ચેના ગાળાની સંતોષકારક પ્રગતિ થશે તો કરાતી કામગીરીને ધ્યાને રાખી કામનું ચુકવણું આપવામાં આવશે.

(૧૪) સિકયોરીટી ડીપોઝીટ તરીકે ભરેલ રકમ કામ પુરૂ થઇ ગયા બાદ ત્રણ માસ પછી તથા કોન્ટ્રાકટરને ફાઇનલ બીલ મળ્યા બાદ પછી આપવામાં આવશે. પરંતુ તે સમય દરમિયાન કોઇ કામ ખરાબ થયેલ અથવા નુકશાન પામેલ માલુમ પડશે (કુદરતી આફત કે માનવ સર્જીત નુકશાની સિવાય) તો તે કામ કોન્ટ્રાકટરે દુરસ્ત કરી આપવાનું રહેશે. અને જો તેમ કરવામાં નાકામીયાબ નિવડશે તો દુરસ્તી તેને ખર્ચે અને જોખમે કોર્પોરેશન તરફથી કરાવી લેવામાં આવશે અને તે પૈકીના થયેલ ખર્ચ સિકયુરીટી ડીપોઝીટની રકમમાંથી કાપી લેવામાં આવશે.

(૧૫) કોઇપણ કારણોસર કોન્ટ્રાકટર ટેન્ડરમાં દર્શાવેલ કામ પુરૂ કરવા અશકિતમાન થશે તો મહાનગરપાલિકા તેના ખર્ચે અને જોખમે આ કામ પુરૂ કરાવશે અને આમ કરતાં ટેન્ડરમાં જણાવેલ ભાવ કરતા વધારે ખર્ચે થશે તો મહાનગરપાલિકા કોન્ટ્રાકટરની સિક્યુરીટી ડીપોઝીટમાંથી સાઇટ ઉપર પડેલા માલ સમાનની હરાજી કરી ખર્ચ વસુલ લઇ બાકીની કામગીરી કરાવી શકાશે અને તેમ કરતા કોન્ટ્રાકટરનો કોઇપણ વાંધો કે હકક રહેશે નહીં.

(૧૬) કોન્ટ્રાકટરે આ કામમાં કોઇપણ આઇટમ સંતોષકારક રીતે સ્પેશીફીકેશન મુજબ નહીં કરી હોય તો મહાનગરપાલિકાને લાગે તે 'ભાવ ઘટાડો' (રીડ્યુસ રેઇટ ) કરી શકશે અને તે કોન્ટ્રાકટરે માન્ય રાખવાનો રહેશે.

(૧૭) ટેન્ડર ભરનારએજન્સીએ, પાન નંબર, જી.એસ.ટી..નંબર હોવા જોઇ એ.તેમજ આ કામે ગાર્ડનિંગ અથવા રોપા સપ્લાયના સરકારી/ કોર્પોરેશનના અનુભવ હોવા જરૂરી છે.

(૧૮) ટેન્ડર ભરનાર એજન્સીએ સરકારશ્રીના પ્રવર્તમાન તેમજ વખતો વખતના કાયદાનુંપાલન કરવાનું રહેશે.

(૧૯) કામ રાખનાર એજન્સી પાસે સલામતી અંગેની પુરતી વ્યવસ્થા હોવી જોઇએ. જે અંગેની સઘળી જવાબદારી કામ રાખાનારની રહેશે.

(૨૦) ટેન્ડર ભરનાર એજન્સીએ તમામ આધારો નોટરાઇઝડ પ્રમાણિત રજૂ કરવાના રહેશે.

(૨૧) આ કામનો કોઇપણ ભાગ સંતોષકારક રીતે કોન્ટ્રાકટર નહી કરે તો ડાયરેકટર, પાર્કસ એન્ડ ગાર્ડન તેઓને દસ દિવસની નોટીસ કામ સુધારવા આપશે. આ મુદત વિત્યા બાદ મહાનગરપાલિકાના ડાયરેકટર, પાર્કસ એન્ડ ગાર્ડન કોન્ટ્રાકટરના ખર્ચે અને જોખમે માણસો

રાખી તેમજ માલ સમાન ખરીદી કરાવી બાકીની કામગીરી કરવાની કાર્યવાહી કરશે અને કોન્ટ્રાકટર પાસેથી ખર્ચ વસુલ લઇ શકશે. આ કામ ડાયરેકટર, પાર્કસ એન્ડ ગાર્ડન અન્ય કોન્ટ્રાકટર પાસે પણ કરાવી શકશે.

(૨૨) જો કોન્ટ્રાકટર ચાલુ કામ છોડી જતાં રહેશે અગર કામ બંધ કરી દેશે તો મહાનગરપાલિકા તેમને ખર્ચે અને જોખમે કામ ચાલુ કરી શકશે. આમ કરવામાં મહાનગરપાલિકાના કોન્ટ્રાકટરના એગ્રીમેન્ટ કરતા વધુ ખર્ચ થશે તો કોન્ટ્રાકટર પાસેથી કાયદેસર રીતે વસુલ કરી શકશે અને આ ઉપરાંત તેમની સિકયોરીટી ડીપોઝીટ જપ્ત કરી શકશે અગર બીજા કોન્ટ્રાકટર પાસે કોન્ટ્રાકટરના ખર્ચે અને જોખમે કામ ચાલુ કરાવી શકશે. અને આમ, કરવામાં એગ્રીમેન્ટ કરતા વધુ ખર્ચ થશે તો કોન્ટ્રાકટર પાસેથી કાયદેસર રીતે વસુલ કરી શકશે અને તેની સિકયોરીટી ડીપોઝીટ જપ્ત થઇ જશે.

(૨૩) આ કામ કોન્ટ્રાકટરે માલ મજુરી સાથે કરવાનો છે. એટલે કે કામમાં જોઇતા મટીરીયલ્સ (હથીયાર, સાધનો, સીડી કે ટેકા ત્રાપા) વગેરેનો સમાવેશ થાય છે. આ કામ માટે તેને જોઇતા મજદુરો (કારીગરો કે સુપરવાઇઝરોનો સમાવેશ થાય છે.) કોન્ટ્રાકટરે તે કામ કરનારાઓ માટે પીવાના પાણીની વ્યવસ્થા કરવાની છે. આ કામ ઉપર સીમેન્ટ , લોખંડને સુરજનો તાપ કે પાણીનો ભેજ ન લાગે તે રીતે તેઓને ખર્ચે જરૂરી સ્ટોર બનાવવાનો છે. તેમજ બેસવા- ઉઠવા માટે ટેમ્પરરી ઓફીસ પણ તેઓના ખર્ચે સાઇટ ઉપર કરવાની છે. જે કોઇ આઇટમમા સ્પેસીફીકેશન ન હોય ત્યાં મહાનગરપાલિકના સ્પેસીફીકેશન મુજબ કામ કરવાનું થાય અને ત્યાં પણ સ્પેસીફીકેશન ન હોય તો પી.ડબલ્યુ.ડી. રોડસ એન્ડ બીલ્ડીંગના સ્પેસીફીકેશન મુજબ કામ કરવાનું છે. આ શરતો વાંચીને કોન્ટ્રાકટરે દરેક પાના પર ટુંકી સહીઓ કરી આપવાની છે.

કોઇ કામનું સ્પેસીફીકેશન ઉપરોકત જણાવેલ ખાનામાં ન હોય તો એવા કામનું સ્પેસીફીકેશન કોન્ટ્રાકટરે મહાનગરપાલિકાનાં ડાયરેકટરશ્રી (પી&જી) પાસેથી લેખીત મેળવવાનું રહેશે. કામ બાબત કોઇપણ જાતનો વાંધો કે વાંધાઓ પડે તો તેનો આખરી નિર્ણય શ્રી કમિશ્નર સાહેબનો રહેશે જે કોન્ટ્રાકટરને બંધનકર્તા રહેશે.

(૨૪) કોન્ટ્રાકટર તરફથી કામ થઇ ગયા બાદ ૨૪ કલાકમાં સાઇટ સાફ કરી આપવાનું રહે છે. તે સમય દરમિયાન સાઇટ સાફ કરવામાં આવશે નહી તો જગ્યા રોકણ અંગેનું કામ પુરૂ થયાની તારીખથી ધોરણસર ભાડુ ચડત થશે. અને તે કોન્ટ્રાકટર પાસેથી વસુલ કરવામાં આવશે અથવા તો તેઓને ખર્ચે અને જોખમે સાઇટ ઉપર પડેલ માલ મહાનગરપાલિકાના બગીચા શાખા અન્ય એજન્સીઓ પાસે દૂર કરાવશે. અને તેની રકમ કોન્ટ્રાકટર પાસેથી વસુલ લેવામાં આવશે.

(૨૫) ટેન્ડર ખોલવામાં આવે ત્યારથી ૯૦ દિવસમાં ટેન્ડર સ્વીકારવામાં આવેલ છે. કે નહી તે અંગેનો નિર્ણય કરવામાં આવશે. આ મુદતમાં કોઇ પણ પ્રકારના નિર્ણયથી જાણ નહી કરવામાં આવે તો ટેન્ડરના ભાવો કોન્ટ્રાકટર કે મહાનગરપાલિકાને બંધન કર્તા રહેશે નહીં. પરંતુ કોન્ટ્રાકટર અને કમિશ્નરશ્રી એમ બંનેની સહમતીથી આવેલ ભાવોનું ટેન્ડર મંજુર કરવા માટે કમિશ્નરશ્રી નિર્ણય કરી શકશે.

(૨૬) આ સાથેના પરિશિષ્ઠ – અ માં આઇઅટમ નં . ૦૧ માં દર્શાવેલ ભાવ (દર) બાબતે ભવિષ્યમાગેર સમજ ઉપસ્થિત થાય તો તે અંગે ડાયરેકટરશ્રી (પી&જી) નો નિર્ણય આખરી રહેશે.

(૨૭) જો પેનલ્ટીની રકમ ટેન્ડરની વાર્ષિક રકમના ૧૦% વધી જાય તો કોન્ટ્રાકટ રદ થવાને પાત્ર બનશે.

(૨૮) આ ટેન્ડરમાં ભાવો તમામ ટેકસ સાથેના આપવાના રહેશે.

(૨૯) આ કામગીરી સુચના મુજબથી આ કામે વર્ક ઓર્ડર મળે કે તુરત જ કામચાલુ કરવાનું છે. ઓર્ડરમાં જણાવેલ નિયત મુદતમાં કામ પુરૂ કરી આપવાનું છે. જો મુદત દરમ્યાન કામ કરવામાં નહીં આવે તો શ્રી કમિશ્નર સાહેબને યોગ્ય લાગશે તો કોન્ટ્રાકટરના જોખમે અને ખર્ચે અન્ય કોન્ટ્રાકટર પાસે અગર તો ખાતા મરફત કામ પૂરૂ કરાવશે. અને આમ બાકી રહેતું કામ પુરૂ કરવામાં માહાનગરપાલિકાને કોન્ટ્રાકટ એગ્રીમેન્ટ કરતા જે વધુ ખર્ચ થશે તે કોન્ટ્રાકટર પાસેથી કાયદેસર રીતે આ વધારાનું ખર્ચ વસુલ કરી શકશે તથા તેની સિક્યોરીટી ડીપોઝીટ જપ્ત કરી શકશે. શ્રી કમિશ્નર સાહેબને જો યોગ્ય લાગશે તો મુદત દરમ્યાન કામ પુરૂ નહી થયું હોય છતાં પણ કોન્ટ્રાકટર પાસે કામ ચાલુ રખાવી શકશે. અને તેની મુદત સંજોગોને લક્ષમાં રાખીને વધારી આપશે અગર તો દરરોજના આપવામાં આવેલ કામગીરીના કુલ કિંમતના ૨૦ % લેખે પેનલ્ટી વસુલ કરવામાં આવશે. ઉપરોકત જનરલ સમજુતિ સિવાય ટેન્ડરમાં આપેલ શરતોને આધીન રહીને કામ કરી આપવાનું રહેશે.

| | |
|---|---|
| **ગાર્ડન સુપરવાઇઝર** | **નિયામક (પી&જી)** |
| **રાજકોટ મહાનગરપાલિકા** | **રાજકોટ મહાનગરપાલિકા** |

ઉપર મુજબની તમામ શરતો મે/અમોએ વાંચી,સમજીને આ નીચે સહી કરી આપી છે જે અમોને કબુલ મંજુર છે.

તા. / /૨૦૨૦

**કોન્ટ્રાકટરની સહી** ............................................

**કોન્ટ્રાકટરનું નામ** ..............................................

રાજકોટ મહાનગરપાલિકા,

(બગીચા શાખા)

**કામનું નામ: શહેરના રોડ ટ્રાફિક જંકશન્સ, રોડ સેન્ટ્રલવર્જ વિગેરેમાં વાવેતર માટે  થાઇ બોગનવેલિયા ખરિદ કરવાના કામે,**

| ક્રમ | જથ્થો (અંદાજ) નંગ | કામગીરીની વિગત | અંદાજ ભાવ રૂ. પ્રતિ/નંગ | કુલ રકમ રૂ. | રિમાર્ક્સ |
|---|---|---|---|---|---|
| ૧ | ૨૪૭૫ | **થાઇ બોગનવેલિયા સપ્લાય કામ્** | ૧૫૭=૦૦ | ૩,૯૯,૫૬૫.૦૦ | માર્કેટ ભાવ |
| અંકે રૂપિયા ચારલાખ પૂરા | | | | ૪,૦૦,૦૦૦.૦૦ | |

**ગાર્ડન સુપરવાઇઝર**
રાજકો મહાનગરપાલિકા

**ડાયરેકટર(પી.&જી).**
રાજકોટ મહાનગરપાલિકા

**હુ/અમો...................................................................... ઉપરોકત વિગતેની કામગીરીમાં જરૂરી થાઇ બોગનવેલિયાના રોપા ........................%ટકા ઓછા/ વધુ ભાવેથી  સપ્લાય કરી આપીશ/આપીશુ...**

સપ્લાયરનું નામ ;

સપ્લાયરની સહી;

રાજકોટ મહાનગરપાલિકા,

(બગીચા શાખા)

**કામનું નામ: શહેરના રોડ ટ્રાફિક જંકશન્સ, રોડ સેન્ટ્રલવર્જ વિગેરેમાં વાવેતર માટે થાઇ બોગનવેલિયા ખરિદ કરવાના કામે,**

**શરતો:**

૦૧. આ કામગીરીમાં સપ્લાય આપવાનાથતા પ્લાન્ટ્સ વિગેરે સુચના મુજબના કલર અને સંખ્યામાં સુચવવામાં આવે તે સ્થળે વિના વિલંબે સપ્લાય આપવાના થાય છે.

૦૨. સિંગલ સ્ટીક (બ્રાન્ચ વિનાના) રોપા સ્વીકૃત કરાશે નહી.

૦૩. નુકશાની વાળા કે અન્ય નિંદામણ વાળા રોપા બદલી આપવાના રહેશે.

૦૪. આ રોપા નૂકશાની વિનાના પોટમાં/પોલિથીલિન બેગ્સમાંસારી સ્થિતીમાં સપ્લાય આપવાના થાય છે.

૦૫, આ કામગીરીમાં નિર્દેશ કરેલ પ્લાન્ટ્સના જથ્થામાં ઘટ/ વધ થવા સંભવ છે. જેથી ઓછા રોપાલેવામાં આવે તો વિવાદ કરવાનો રહેશે નહી અને જો વિશેષથી રોપાની માંગણી કરવામાં આવેતો કોઇપણ પ્રકારના ભાવ વધારા વિના મંજુઅર થયેલ ભાવથી રોપા સપ્લાય આપાવાના રહેશે.*જેના સમય મર્યાદા વધારી આપવામાં આવશે.

| | |
|---|---|
| **ગાર્ડન સુપરવાઇઝર** | **નિયામક (પી&જી)** |
| **રાજકોટ મહાનગરપાલિકા** | **રાજકોટ મહાનગરપાલિકા** |

હું/અમો રાજકોટ મહાનગરપાલિકાના બગીચા શાખા મારફત **શહેરના રોડ ટ્રાફિક જંકશન્સ, રોડ સેન્ટ્રલવર્જ વિગેરેમાં વાવેતર માટે થાઇ બોગનવેલિયા ખરિદ કરવાના કામે.** આ કામની તમામ શરતો અને સમજુતીઓ હું/અમો વાંચી અને સમજી છે. અમારા રજુ થયેલ ભાવ માન્ય રહેશે તો અમો આ કામગીરીમાં સુચના મુજબથી સારી રીતે ઘટ/ વધ જથ્થા સાથે રોપાઓ સપ્લાય કરી આપીશું.

તા. /૦૫/૨૦૨૦ **કોન્ટ્રાકટરની સહી** ..........................................

**કોન્ટ્રાકટરનું નામ** ..........................................